**ફોજદારી કેસ નંબર : ૧૦૩૬/૦૯**

**::: આંક–૦૧ લગત હુકમ :::**

(૧).. ફરીયાદીને સાંભળ્યા, ફરીયાદી તરફે આંક–..... ની પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી/ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરૂઘ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨).. ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂઘ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ઘ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧) વાય. બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ. ૯૨૮

૨) ચેસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ. ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા ક્રિ.લો.જ. ૧૨૯૦

૩) સદર ઓથોરીટીમાં નમા. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્રિપક્ષીયક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાની કોલમ નં. ૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રિ.પ્રો. કોડની કલમ – ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ – ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લેતા પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

**(૩)..** આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદીની હકીકતને ધ્યાને લેતા જોપુરસીસ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણા વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

**(૧)** આરોપી રાજેશ ઉર્ફે કાળો બાબુભાઈ ચાવડાનાઓ સામે ઈ.પી.કોડની કલમ ૩૭૯ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ફરીયાદી/અરજદારને મુદ્દામાલ પરત મળી ગયેલ છે. જેથી મુદ્દામાલનો હુકમ આથી

કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો મુદ્દામાલ ફરીયાદી/અરજદારને પરત મળેલ ન હોય તો ફરીયાદી/અરજદારની ખરાઈ કરી પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

હુકમ આજરોજ તારીખ : ૦૯મી, માંહે : સપ્ટેમ્બર, સને : ૨૦૨૩ ના રોજ યોજાયેલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૦૯/૦૯/૨૦૨૩

**(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)**
૦૯ માં અધિક ચીફ જયુડી. મેજી., રાજકોટ
U.I.C. NO. GJ00973